**આકાશવાણી ભુજ**

**સમાચાર વાચક : વિરલ રાણા**

**ડીઇઓ : પ્રદિપ ચાવડા**

**તારીખ : 16-11-2024 સમય : સાંજે 6.25 વાગ્યે**

---

## મુખ્યમંત્રી પાક સંગ્રહ યોજના

મુખ્યમંત્રી પાક સંગ્રહ સ્ટ્રક્ચર યોજનાની સહાય ૭૫ હજાર રૂપિયાથી વધારીને એક લાખ રૂપિયા કરાઈ છે. કૃષિ મંત્રી રાઘવજી પટેલે આ અંગે જણાવ્યું છે કે, ખેડૂતોની ખેત પેદાશોને અનેક આફતો સામે રક્ષણ આપતી આ સહાયમાં વધારો કર્યા બાદ ચાલુ વર્ષે ૧૩ હજાર ૯૮૨ ખેડૂતોને સંગ્રહ સ્ટ્રક્ચર બનાવવા માટે પૂર્વ મંજૂરી અપાઇ છે.

શ્રી પટેલે વધુમાં જણાવ્યું હતું કે, રાજ્યના ખેડૂતોને પોતાના ખેતરમાં જ સંગ્રહસ્થાન ઉભું કરવા માટે પ્રોત્સાહિત કરવા આ યોજના અમલમાં મૂકાઈ હતી. આ યોજનાનો લાભ મેળવવા માટે ખેડૂતોએ પોતાના ખેતરમાં ઓછામાં ઓછુ ૩૩૦ ચોરસ ફૂટ વિસ્તારનું એક પાક સંગ્રહ સ્ટ્રકચર બનાવવાનું હોય છે, જેના માટે રાજ્ય સરકાર દ્વારા જરૂરી નાણાકીય સહાય પૂરી પાડવામાં આવે છે.

હવે સ્ટ્રક્ચર બનાવવા માટે ખેડૂતને આ યોજના હેઠળ કુલ ખર્ચના ૫૦ ટકા અથવા એક લાખ રૂપિયા બંનેમાંથી જે ઓછુ હોય તે સહાય આપવામાં આવશે.

**RNU અમદાવાદ**

---

## મતદાર યાદી સુધારણા ઝુંબેશ

કચ્છમાં આવતીકાલે 17 તેમજ 23 અને 24 નવેમ્બરના મતદારયાદી સુધારણા માટે ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવશે અને મતદારોને તેમના નામની સાથે આધાર નંબર લીંક કરી આપવામાં આવશે. સવારે 10 વાગ્યાથી સાંજના પાંચ વાગ્યા સુધી જે-તે વિસ્તારના મતદાન મથક પર બૂથ લેવલના અધિકારીને સંપર્ક કરવા જણાવાયું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, જિલ્લામાં તંત્ર દ્વારા ગત તારીખ 29 ઓક્ટોબરથી 28 નવેમ્બર સુધી મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ શરૂ કરાયો છે. કચ્છના જે મતદારોને 18 વર્ષ પૂર્ણ થઇ ગયા હોય તેવા યુવા મતદારો મતદાનમાં ભાગ લઇ પોતાનો કિંમતી મત આપી પસંદગીના વ્યક્તિને ચૂંટી કાઢે તે માટેના પ્રયાસો હાથ ધરાયા છે. પહેલી જાન્યુઆરી 2025ના જેમની ઉંમર 18 વર્ષ કે, તેનાથી વધુ થતી હોય તો તેવા મતદારો અચૂક મતદારયાદીમાં પોતાનું નામ નોંધાવી શકે છે.

માહિતી ખાતુ

--------------------------------------------------------------------------------

## જિલ્લા સંકલન સમિતિ બેઠક

આજરોજ જિલ્લા સેવા સદન ખાતે મહિનાના ત્રીજા શનિવારે જિલ્લા સંકલન સમિતિની બેઠક કલેક્ટર અમિત અરોરાના અધ્યક્ષ સ્થાને મળી હતી. આ બેઠકમાં જિલ્લામાં હાલે પ્રગતિમાં રહેલા વિવિધ વિકાસ કામો, પડતર પ્રશ્નો અંગે પરામર્શ કરાયો હતો. વહિવટી તંત્રના વિવિધ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. જનપ્રતિનિધિઓએ પોતાના વિસ્તારોના લોકપ્રશ્નો ઉઠાવી સંબંધિત વિભાગ પાસેથી પ્રવર્તમાન સ્થિતિનો ચિત્તાર મેળવ્યો હતો. સરકારની વિવિધ યોજનાઓ અને વિવિધ ગ્રાન્ટમાંથી ચાલી રહેલા કામોને ગુણવત્તાસભર રીતે સત્વરે પૂરા કરવા નિર્દેશ અપાયો હતો.

માહિતી ખાતુ

--------------------------------------------------------------------------------

## ભુજ : રાષ્ટ્રીય પત્રકારીતા દિવસ સેમિનાર

ગુજરાત પ્રેસ અકાદમી, ગાંધીનગર અને જિલ્લા માહિતી કચેરી ભુજ-કચ્છના સંયુક્ત ઉપક્રમે આજરોજ ભુજ ખાતે મુખ્ય વક્તા અને કચ્છના વરિષ્ઠ પત્રકાર કીર્તિભાઇ ખત્રીના અધ્યક્ષસ્થાને તથા રાજકોટ - કચ્છ રિજિયનના સંયુક્ત માહિતી નિયામક મિતેષ મોડાસિયાની વિશેષ ઉપસ્થિતિમાં 'રાષ્ટ્રીય પ્રત્રકારીતા દિવસ' નિમિત્તે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મુખ્ય વક્તા કીર્તિભાઇ ખત્રીએ કચ્છને એક વિશિષ્ટ પ્રદેશ ગણાવતા કચ્છમાં પત્રકારત્વનો કઇ રીતે વિકાસ થયો તેના પર પ્રકાશ પાડ્યો હતો. ઉપરાંત 'પત્રકારત્વની બદલાતી તાસીર' થીમ હેઠળ કચ્છના પત્રકારત્વ અંગે વિચારો વ્યક્ત કરી કચ્છના પત્રકારજગતમાં તેમના ૩ દાયકાથી વધુના ખેડાણના અનુભવનું ભાથું તેમણે કચ્છભરમાંથી ઉપસ્થિતિ પત્રકારમિત્રો સાથે વાગોળ્યું હતું.

**માહિતી ખાતુ**

---

## APMC – ટેકાનાભાવે મગફળી ખરીદી પ્રાંરંભ

સરકારે ટેકાના ભાવે મગફળી ખરીદી કરી રહી છે, ત્યારે ભુજતાલુકાના ખેડૂત ભાઈઓએ ઓનલાઈન નોંધણી કરાવી છે તે ખેડૂતો માટે ભુજ એપીએમસી ખાતે ટેકાના ભાવથી મગફળી ખરીદીનો શુભારંભ કરવામાં આવ્યો હતો. કચ્છમાં અંજાર અને રાપરમાં ટેકાના ભાવે કેન્દ્રો અગાઉ જ શરૂ થયા બાદ આજે ભુજ ઉપરાંત નલિયા અને માંડવીમાં પણ ટેકાના ભાવે ખરીદીની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.

**N.P. / વિરલ રાણા**

---

## હથિયારબંધી : જાહેરનામુ

કચ્છ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે માટે સાવચેતીના પગલાંરૂપે ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૭ (૧) અન્વયે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ મિતેશ પંડ્યાએ તા. ૨૯/૧૧ સુધી સમગ્ર કચ્છ જિલ્લામાં હથિયારબંધીના આદેશ જાહેર કર્યા છે. આ જાહેરનામા અન્વયે હથિયાર લઇ જવાની ફરજ હોય, પરવાનગી આપી હોય કે અધિકૃત કરી હોય તે સિવાયની કોઇ વ્યક્તિ જાહેરનામાનો કોઇપણ ખંડનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ૪ માસની અને વધુમાં વધુ ૧ વર્ષની સજા થશે. આ ઉપરાંત ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૩૫ (૧) મુજબ દંડની સજા થશે.

માહિતી ખાતુ

---

## હવામાન

રાજ્યમાં આગામી 2થી ત્રણ દિવસ તાપમાનમાં ઘટાડો થવાની શક્યતાઓ ઘણી ઓછી છે. રાજ્યના હવામાન વિભાગે જણાવ્યું કે, અત્યાર સુધી ઉત્તર અને ઉત્તર-પૂર્વ દિશામાંથી ગુજરાત પર પવન આવી રહ્યા હતા, જેથી જમ્મુ-કાશ્મીરમાં થયેલી હિમવર્ષાની અસર રાજ્યના લોકોને ઠંડક તરીકે વર્તાઈ રહી હતી. જોકે, હવે પવનની દિશા પૂર્વ અને દક્ષિણ પૂર્વ તરફ થઈ છે. એટલે આગામી ત્રણ દિવસ તાપમાનમાં ઘટાડાની શક્યતાઓ નહિવત્ છે.

**RNU અમદાવાદ**

---